## PRESS COVERAGE:

PUBLICATION NAME: LOKWAT (GUJARATI DAILY)
CITY: JAMNAGAR
DATE: 16-05-2018
PAGE NO. 04
TOTAL SQ. CM. 640
TITLE: *Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka*

# ખંભાળીયા ખાતે ટીબીના દર્દીઓને રોગમુકત કરવા માટે ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ યોજાયો



લો.સ.ખભાળીયા તા.૧૭

WHO દ્વારા ભારતમાંથી ટીબીને ૨૦૩૫ સુધીમા નાબુદ કરવાનો લક્ષ્યાંક આપેલ છે. જયારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૨૫ સુધીમા ટીબી નાબૂદીનો લક્ષયાક આપેલ છે.સરકાર દ્વારા દરેક જિલ્લામા બે તાલુકાઓને ટીબી મુકત કરવા માટે નકકી કરવામા આવેલ છે જેમા દેવભૂમિ દ્વારકામા ભાણવડ અને કલ્યાણપુર તાલુકા સૌ પ્રથમ ટીબીની મુકત કરવા જણાવવામા આવેલ છે. જેના અનુસધાને અલગ-અલગ પ્રવૃતિઓ કરવામા આવે છે જે અંતર્ગત આજે ખભાળીયા ખાતે આહિર સમાજવાડી ખાતે એસ્સાર ઓઈલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ (ચોખ, મલ્ટીગ્રેના આટા, મુગદાલ, ચીંક પીસ ઓઈલ અને જેગ્રી) આપવા માટે ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ કલેકટર જે.આર.ડોડિયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના અદાજિત ૨૯૦ દર્દીઓને એકથી આઠ માસ માટે જરૂરી કીટ અદાજીત રૂ.૭૯૫ની એસ્સાર ઓઈલ કંપનીના સીસઆર દ્વારા આપવાનુ નકકી થયેલ છે જેના માટે એસ્સાર ઓઈલ કંપની દ્વારા અદાજે રૂ.૧૬ લાખ મળેલ છે.

આ તકે કલેકટરશ્રીએ એસ્સાર ઓઈલ કંપનીનો આભાર માની જણાવ્યુ કે આપણે જો પોલીયોમુકત ભારત બનાવી શકયા હોયે તો ટીબી મુકત કેમ ન બનાવી શકીએ? સરકારના પ્રયત્નો, એનજીઓનો સહયોગ અને લોકોની જાગૃતિથી આ શકય જ છે. ન્યુટ્રીશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાશે તથા દવા વધુ અસરકારક નિવડશે.તેમણે તમામ ઉપસિથત ટીબીના દર્દીઓને આનો વધુમા વધુ વધુ લાભ લઈ તેનો સદઉપયોગ કરવા જણાવ્યુ હતું.

જિલ્લા વિકાસ અધિકારી રાવલે જણાવ્યુ કે જનસેવા એજ પ્રભુસેવા એવુ શાસ્ત્રોમા લખ્યુ છે. ડોકટર જયારે દર્દીની સવેદના સમજશે ત્યારે જ સાચા અર્થમા સેવા કરી શકશે.દર્દીઓ જયારે સારવાર લઈને પાછા જાય ત્યારે આશીર્વાદ આપતા જાય તેવી સારવર કરવા જણાવ્યુ હતું.

આ કાર્યક્રમમા ઉપસ્થિત રહેલ ધ યુનિયન, દિલ્હીના રીજયોનલ ડાયરેકટર ડો.જેમી તોન્સીગે જણાવ્યુ હતુ કે વિશ્વઅએ જે ટાર્ગેટ આપ્યો છે એનાથી પાચ વર્ષ પહેલા આપણે ટીબીને નાબૂદ કરીશુ. ન્યુટ્રીશન દર્દી માટે બહુ સારી વસ્તુ છે. સરકારના આ કાર્યમા એનજીઓનો સહકાર મળી રહે તો ટીબી નાબૂદ કરવી અશકય નથી. સ્ટેટ ટીબી ટ્રેનીગ સેન્ટર અમદાવાદના ડો.જીજ્ઞેશ પટેલે કહ્યુ કે એપ્રિલ ૨૦૧૮ થી સરકાર દ્વારા ટીબીના દરેક દર્દનિ રૂ.૫૦૦ લેખે જયા સુધી દવા ચાલુ હોય ત્યા સુધીક્ષ આપવામા આવે છે. ઘણા દર્દીઓ આ સહાયનો લાભ લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાને ટીબીના દર્દની તપાસ માટે સીબીનાટ વાન મળેલ હતી.જેમા ફકત બે જ કલાકમા ટીબી છે કે નહી અને ગભીર પ્રકારનો ટીબી છે કે નહી તે સ્થળ પર જ નકકી થઈ જાય. જેમા જિલ્લામા ટોટલ ૩૩ વ્યકિતઓની તપાસ કરવામા આવી અને તેમા ૬ કેસો પોઝીટીવ આવેલ છે અને આ છ પૈકી ૧ ગભીર પ્રકારનો ટીબીનો દર્દી મળેલ છે.

મહાનુભાવોના હસ્તે ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટનુ વિતરણ કરવામા આવ્યુ હતું. વીએચ એન્ડ વીએચ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા અગેનુ નાટક રજૂ કરવામા આવ્યુ હતુ.સ્વાગત પ્રવચન તેમજ આભારવિધિ જિલ્લાક્ષય અધિકારી પીઠડડીયાએ કરી હતી.

આ કાર્યક્રમમા એસ્સાર ઓઈલમાથી દિપક અરોરા, અવધેશ પાઠક, દીપેન્દ્રસીગ પરીહાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સીગ, જતનરલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ જોશી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા ટીબીના દર્દીઓ ઉપસ્થિત હતાં.